# GUJARAT
## TECHNOLOGICAL UNIVERSITY

નં.જીટીયુ/કન્યાકેળવણી/૨૦૧૨/૩૯૭૨ તા.૧૩/૦૪/૨૦૧૨

**પરિપત્ર :**

**વિષય :** માન. મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ બાબત.

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના વડાઓને જણાવવાનું કે, માન.મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિ અંતર્ગત લાભાર્થી બહેનોની અરજી તા.૩૦/૦૪/૨૦૧૨ સુધીમાં નિયત નમૂનામાં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને મોકલી આપવા જણાવવામાં આવે છે. સદર બાબતની સપૂર્ણ વિગતો આ સાથે સામેલ છે. કોલેજના નોટીસ બોર્ડ પર બહોળી પ્રસિધ્ધિ અર્થે રાખવા વિનંતી છે.

- S/d -

ઈ.ચા.રજીસ્ટ્રાર


2nd Floor, ACPC Building, L.D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad, (Gujarat) India - 380 015.
Phone : + 91 - 79 - 26300499, 26300599 Fax : + 91 - 79 - 26301500 E-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in

<u>**માન.મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ**</u>

सत्यमेव जयते

આર.પી.ગુપ્તા (I.A.S.)
અગ્રસચિવ (પ્રા.શિ.)

ક્રમાંકઃપીઆઈ/૨૦૧૨/૭૨૧૨૨૨/ક
શિક્ષણ વિભાગ,
બ્લોક નં.૫/૮ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯/૦૪/૨૦૧૨

**સ્નેહીશ્રી,**

આપ એ બાબતથી સુવિદિત છો કે, માનનીય મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત લાભાર્થી બહેનોને તા.31/03/2012ના રોજ પુરસ્કાર/સહાય આપવામાં આવેલ છે. પરંતુ 56 વિકાસશીલ તાલુકાની એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતી કન્યાઓ તેમજ સમગ્ર ગુજરાત રાજ્યની B.P.L. કુંટુંબની કન્યાઓને પૂરતા પ્રમાણમાં કમ્પ્યૂટરની સહાય/પુરસ્કાર મળેલ નથી, તેવું ધ્યાનમાં આવેલ છે.

**કન્યા કેળવણી નિધિઃ**

માન.મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ નામનું અલાયદું ફંડ છે. આ નિધિમાં મુખ્યમંત્રીશ્રીને મળેલ ભેટ-સોગાદોનાં વેચાણથી થયેલ આવક જમા કરવામાં આવે છે. દાતાઓ, સેવાભાવી અને સમાજની સખાવતી સંસ્થાઓ દ્વારા મળેલ દાનની રકમથી વર્ષઃ2003-04 થી કન્યાઓના શૈક્ષણિક વિકાસ માટે આ નિધિ અંતર્ગત કન્યાઓને શૈક્ષણિક પ્રોત્સાહન આપવા સહાય/પુરસ્કાર આપવામાં આવે છે.

માન.મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિની વિવિધ યોજનાઓની અસરકારકતા માટે ગુજરાત રાજ્યનાં વિવિધ દૈનિક પત્રોમાં જાહેરાત આપેલ હતી. છતાં યોજના નં. 01, 07 અને નં. 08 માં પ્રતિસાદ નબળો રહ્યો છે. અને આ યોજનામાં પૂરતા લાભાર્થી કન્યાઓ મળેલ નથી. માત્ર છ કન્યાઓને જ કમ્પ્યૂટરની સહાય/પુરસ્કાર મળેલ છે. તેથી દૂર-સદૂર 56 વિકાસશીલ તાલુકા અને B.P.L. કન્યાઓને અપૂરતી શૈક્ષણિક સવલતોમાં આ માન.મુખ્યમંત્રીશ્રી સહાય વ્યાપકરૂપે મળે તે જરૂરી લાગે છે.

આ નિધિ અંતર્ગત 10 વિવિધ ક્ષેત્રો માટે યોજનાઓ નક્કી કરેલ છે. યોજનાઓની વધુ વિગત માટે બ્રોસર સામેલ કરેલ છે.

આ દસ યોજના પૈકી યોજના નં. 01, 07 અને 08 નીચે મુજબ છે.

| યોજના નો ક્રમ | વ્યવસાયિક અભ્યાસક્રમનું નામ | શૈક્ષણિક હેતુ માટે મળવાપાત્ર આર્થિક સહાયની વિગત | મળવાપાત્ર આર્થિક સહાય માટે પાત્રતાના ધોરણ/આધાર |
|---|---|---|---|
| 1 | 56 વિકાસશીલ તાલુકાની માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓની જે વિદ્યાર્થીનીઓ મેડીકલ/ એન્જીનીયરીંગમાં વર્ષ-૨૦૧૧-૧૨થી અભ્યાસ કરતી કન્યાઓને કોમ્પ્યુટર આપવું. | કોમ્પ્યુટર | ૫૬ વિકાસશીલ તાલુકાની માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરેલ હોય અને એન્જીયરીંગમાં વર્ષ:૨૦૧૧-૧૨માં પ્રવેશ મેળવેલ હોય |
| 7 | ૫૬ વિકાસશીલ તાલુકાના B.P.L કુટુંબની કન્યાએ વર્ષ:૨૦૧૧-૧૨માં કોઇપણ સ્નાતક/ડીપ્લોમા કક્ષાનાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે ત્યારે ₹૫૦૦૦/-નું બોન્ડ (નર્મદા શ્રીનિધિ બોન્ડ) આપવું તેમજ પ્રવેશ વખતે રોકડા-₹૧૦૦૦/- (ડિમાન્ડ ડ્રાફ્ટથી) આપવા (કોર્ષ: સ્નાતક - આર્ટસ, કોમર્સ, સાયન્સ- ડીપ્લોમા ઇન એન્જીનીયરીંગ, ફાર્મસી ) | ₹૫૦૦૦/-નું બોન્ડ તેમજ પ્રવેશ વખતે રોકડા-₹૧૦૦૦/- (ડિમાન્ડ ડ્રાફ્ટથી) | ૫૬ વિકાસશીલ તાલુકાના B.P.L કુટુંબની કન્યા કોઇપણ ડીપ્લોમા કક્ષાનાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે. (કોર્ષ:- ડીપ્લોમા-એન્જીનીયરીંગ, ફાર્મસી) |
| 8 | સમગ્ર ગુજરાતમાં કોઇપણ B.P.L કુટુંબની કન્યા નીચે દર્શાવેલા વ્યવસાયિક અભ્યાસક્રમમાં વર્ષ:૨૦૧૧-૧૨માં પ્રવેશ મેળવે તે વખતે એક વાર ₹ ૧૫,૦૦૦/- આપવા.<br>વ્યવસાયિક અભ્યાસક્રમો:- મેડીકલ, એન્જીનીયરીંગ, ફાર્મસી, હોમિયોપેથી, આયુર્વેદિક, બી.ટેક, ડેન્ટલ, એમ.બી.એ, એમ.સી.એ, ઇન્ટીગ્રેટેડ લો (૫ વર્ષ) બી.એસ.સી(નર્સિંગ) | ₹ ૧૫,૦૦૦/- | સમગ્ર ગુજરાતમાં કોઇપણ B.P.L કુટુંબની કન્યા વ્યવસાયિક અભ્યાસક્રમ- એન્જીનીયરીંગ, બી.ટેક. માં પ્રવેશ મેળવે તે વખતે. |

2. બ્રોસરમાં 56 વિકાસશીલ તાલુકાની યાદી આપેલ છે.

3. યોજના નં. 01 ની લાભાર્થી કન્યાની પાત્રતા નીચે મુજબ હોવી જોઈએ.
   (1) 56 વિકાસશીલ તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક વિજ્ઞાનપ્રવાહની શાળામાં ધો.12નો અભ્યાસ પૂર્ણ કરેલ હોવો જોઈએ.
   (2) 56 વિકાસશીલ તાલુકા પૈકી એક તાલુકામાં રહેવા અંગેનો પૂરાવો.

4. યોજના નં. 07 ની લાભાર્થી કન્યાની પાત્રતા નીચે મુજબ હોવી જોઈએ.
   (1) 56 વિકાસશીલ તાલુકામાં B.P.L. કુંટુંબની કન્યાએ વર્ષઃ 2011માં ઉપર જણાવેલ વ્યવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ લીધેલ હોવો જોઈએ.
   (2) 56 વિકાસશીલ તાલુકા પૈકી એક તાલુકામાં રહેવા અંગેનો પૂરાવો.
   (3) B.P.L. કુંટુંબ હોવા અંગેનો મામલતદારશ્રીનો દાખલો.
5. યોજના નં. 08 ની લાભાર્થી કન્યાની પાત્રતા નીચે મુજબ હોવી જોઈએ.
   (1) સમગ્ર રાજ્યમાં કોઈપણ B.P.L. કુંટુંબની કન્યાએ વર્ષઃ 2011માં ઉપર જણાવેલ વ્યવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ લીધેલ હોવો જોઈએ.
   (2) B.P.L. કુંટુંબ હોવા અંગેનો મામલતદારશ્રીનો દાખલો.
6. **આપની સાથે સંલગ્ન ઈજનેરી કોલેજના પ્રિન્સીપાલશ્રીઓને આ પત્રની નકલ પાઠવી લાભાર્થી બહેનોને યોજના નં.01, 07 અને 08 ને લાભ મળે તે માટે કોલેજનાં નોટીસ બોર્ડ પર બહોળી પ્રસિધ્ધિ કરાવવા વિનંતી છે.**

પ્રસ્તુત રાજ્યવ્યાપી યોજનાની સફળતા માટે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી હાથ ધરવા તથા આપનો ઉષ્માપૂર્ણ સહકાર માટે અપેક્ષાસહ્ આભાર.....

આપનો સ્નેહાધિન,

**(આર.પી.ગુપ્તા)**

**પ્રતિ,**

**ડૉ. અક્ષય અગ્રવાલ,**

વાઈસ ચાન્સેલરશ્રી,

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી,

એલ.ડી.એન્જી.કૉલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-380 013.

બિડાણઃ

1. અરજી માટેનો નમૂનો (અરજી મોકલવાની છેલ્લી તા.30/04/2012)
2. બ્રોસર

**અરજી મોકલવાનું સરનામું:**

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોકઃ 12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

ફોન/ફેક્સઃ 079-23253972, વેબ સાઈટઃ www.cmkanyanidhi.org.in, cmkanyanidhi@gmail.com

## માન. મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાંથી શૈક્ષણિક હેતુ માટે આર્થિક સહાય મેળવવાનું અરજીપત્રક

ભરેલું અરજીપત્રક મોકલવાનું સરનામું: સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ડૉ. જી.મ. ભવન, બ્લૉક નં. ૧૨,પહેલો માળ, ગુ.રા. ગાંધીનગર

જે યોજના માટે અરજી કરેલ હોય તે યોજનાનો ક્રમ:

*કચેરી માટે:* અરજી નોંધણી નં　　તારીખ.

પ્રવેશ મેળવેલ અભ્યાસક્રમનું નામ:

અરજદારનો તાજેતરનો ફોટોગ્રાફ

પ્રવેશ મેળવેલ શૈક્ષણિક વર્ષ:

૧. અરજદારનુંનામ:

| | અટક | નામ | પિતા/વાલીનું નામ |
|---|---|---|---|
| ગુજરાતીમાં | | | |
| અંગ્રેજીમાં | | | |

૨. પત્રવ્યવહારનું સરનામું:

૩. સંપર્ક નંબર: મો.　　અન્ય ટેલીફોન નંબર:

૪. ધો.૧૦(SSC)નો અભ્યાસ કરેલ હોય તે શાળાની વિગત:

શાળાનું નામ　　શાળા ક્રમાંક:

ગામ /શહેર:　　તાલુકો:　　જિલ્લો:

૫. ધો.૧૨(HSC)નો અભ્યાસ કરેલ હોય તે શાળાની વિગત:

શાળાનું નામ　　શાળા ક્રમાંક:

ગામ /શહેર:　　તાલુકો:　　જિલ્લો:

૬. પ્રવેશ મેળવેલ કોલેજ/સંસ્થાની વિગત: નામ અને સરનામું

કોલેજનું નામ:

સરનામું

ગામ /શહેર:　　તાલુકો:　　જિલ્લો:

૭. મેળવેલા પ્રવેશની વિગત:

તારીખ:　　મેરીટના ધોરણે:　　મેનેજમેન્ટ ક્વોટા:　　અન્ય:

૮. કોલેજમાં ભરેલી ફીની વિગત:

પ્રવેશ ફી　રૂ.　　તારીખ

ટ્યુશન ફી　રૂ.

૯. B.P.Lકુટુંબ હોય તો તેની વિગત

રેશન કાર્ડ નંબર　　કાર્ડ ધરાવનારનું નામ

ગામનું નામ　　તાલુકો

૧૦.અરજી સાથે નીચેના પ્રમાણપત્રો/ આધારો રજૂ કરવા.

૧.) ધો.૧૨ની માર્કશીટની નકલ ૨) LCની નકલ 3) Admission Latterની નકલ ૪) ભરેલી ફીનીપહોંચની નકલ

૫) B.P.L પ્રમાણપત્રની નકલ ૬) રેશન કાર્ડની નકલ

તા. ........................ સ્થળ:..................... વાલીની સહી:........................... અરજદારની સહી: .......................................

---

નીચેની માહિતી જે કોલેજ/સંસ્થામાં પ્રવેશ મેળવેલો હોય તેના વડા/આચાર્ય પાસે ભરાવીને રજૂ કરવી.

આ અરજી ફોર્મમાં ઉપર જણાવેલી વિગતો ચકાસતાં, તે સાચી જણાઇ છે. આ વિધ્યાર્થીનીનો રજીસ્ટ્રેશન નં......................છે. આ સંસ્થા/કોલેજ MCI /AICTE / NCTE/............. (લાગુ ન પડતું છેકી નાખવું) માન્ય છે. તથા ..................................યુનિ.સંલગ્ન છે.

સંસ્થા/કોલેજનું સીલ　　આચાર્ય/વડાની સહી અને સિક્કા